GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના"
હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા
જનરલ સર્જરી અને ENT સર્જરી
ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ સુદ ચૌદસ શનિવાર ૩૦ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૮૫

પાનાં ૧૦+૧૨ કિંમત ₹ ૫.૦૦

# આ વર્ષે દેશમાં ચોમાસું નબળું રહેશે: હવામાન વિભાગ

**IMD** એ વરસાદનો અંદાજ ઘટાડીને 90% કર્યો

**પેસિફિકમાં** મજબૂત થતા 'અલ નીનો' ને લીધે ખેતી આધારિત મુખ્ય વિસ્તારોમાં અછતની આશંકા

**કેરળમાં** આગામી 7 દિવસમાં ચોમાસું બેસે તેવી અપેક્ષા

**દેશમાં** છેલ્લા 3 વર્ષનો સૌથી ઓછો વરસાદ પડશે

**જૂનમાં** ગુજરાત, મહારાષ્ટ્ર સહિત કેટલાંક રાજ્યોમાં હિટવેવના દિવસો સામાન્ય કરતા વધુ રહેશે

**નવી દિલ્હી, તા. 29 (પીટીઆઈ):** ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)એ શુક્રવારે દેશના ચોમાસા અંગે બીજી આગાહી જાહેર કરતાં જણાવ્યું છે કે, જૂનથી સપ્ટેમ્બર દરમિયાન દક્ષિણ-પશ્ચિમ ચોમાસામાં દેશમાં દીર્ઘકાલીન સરેરાશ (એલપીએ)ના 90 ટકા જ વરસાદ થવાની શક્યતા છે, જેમાં 4 ટકાની મોડેલ ભૂલ (ખામી) હોઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ ચોમાસાની સિઝનમાં માત્ર ઉત્તર-પૂર્વ ભારતમાં જ સામાન્ય વરસાદ થવાની શક્યતા છે, જ્યારે દેશના બાકીના ભાગોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ જોવા મળી શકે છે. વર્ષ 1971થી 2020 સુધીના આંકડાઓ પર આધારિત દેશની સરેરાશ મોસમી વરસાદની ક્ષમતા 87 સેમી (LPA) છે. જો વરસાદ 90 ટકા કરતાં ઓછો થાય, તો હવામાન

...અનુસંધાન પાના 5 પર

## શ્રીલંકા પાસે ચોમાસું થંભી ગયું

દેશમાં ચોમાસાના આગમનની રાહ જોઈ રહેલા લોકો માટે ચિંતાજનક સમાચાર છે. હવામાન વિભાગે શુક્રવારે જણાવ્યું હતું કે, શ્રીલંકા પર સર્જાયેલા ઓછા દબાણના ક્ષેત્ર અને વાવાઝોડાના પવનોને કારણે ચોમાસું છેલ્લા 5 દિવસથી કેરળના તટથી માત્ર 30-35 કિમી દૂર અટકી પડ્યું છે. આગામી 2-3 દિવસ સુધી તે આગળ વધે તેવી કોઈ શક્યતા દેખાતી નથી.

## અગાઉની આગાહી કરતાં 10 દિવસ મોડું

સામાન્ય રીતે કેરળના દરિયાકાંઠે ચોમાસું પહોંચવાની સત્તાવાર તારીખ 1 જૂન માનવામાં આવે છે.

**અગાઉનો અંદાજ:** હવામાન વિભાગે આ વર્ષે વહેલા એટલે કે 26 મે સુધીમાં જ ચોમાસું બેસી જવાની આગાહી કરી હતી.

**નવો અંદાજ:** નવીનતમ સ્થિતિ અનુસાર, હવે ચોમાસું તેના સામાન્ય સમય કરતાં 7 દિવસ મોડું કેરળ પહોંચશે.

## ભારતમાં અલ નીનોની શું અસર પડશે?

આઈએમડી (IMD) ના ડાયરેક્ટર જનરલ ડો. મૃત્યુંજય મોહપાત્રાએ એક ખાસ ઇન્ટરવ્યુમાં પુષ્ટિ કરી છે કે, ચોમાસા દરમિયાન ભારત પર 'અલ નીનો'ની સીધી અસર જોવા મળશે. આના કારણે દેશમાં વરસાદનું સ્તર છેલ્લા 3 વર્ષમાં સૌથી નીચલા સ્તરે પહોંચી જશે. પ્રશાંત મહાસાગરનું તાપમાન સમયાંતરે વધવાની આ પ્રક્રિયા, જે સમગ્ર એશિયાના હવામાનને ખોરવી નાખે છે, તે જૂન 2026 જેટલી વહેલી શરૂ થઈ શકે છે અને સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે. અલ નીનો જૂન મહિનામાં નબળી સ્થિતિમાં શરૂ થશે. ત્યારબાદ જુલાઈના મધ્ય ભાગ અને ઓગસ્ટ મહિના સુધીમાં તે મધ્યમ ગતિ પકડશે. પરંતુ, સપ્ટેમ્બર મહિનામાં અલ નીનો તેની સંપૂર્ણ તાકાત સાથે આક્રમક બનશે, જેની ભારે અને વિપરીત અસર ભારત સહિત સમગ્ર વિશ્વ પર જોવા મળશે. ઓસ્ટ્રેલિયાના બ્યુરો ઓફ મેટોરોલોજી (BOM) એ પણ જૂનની શરૂઆતમાં જ અલ નીનો આવવાની આગાહી કરી છે, જ્યારે ચીનના નેશનલ ક્લાઈમેટ સેન્ટરે અહેવાલ આપ્યો છે કે પ્રશાંત મહાસાગરમાં ગરમી પહેલેથી જ અલ નીનોના તબક્કામાં પ્રવેશી ચૂકી છે. ભારત માટે આ ચિંતાજનક બાબત છે કારણ કે ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ અલ નીનો આવ્યો છે ત્યારે ચોમાસું નબળું પડ્યું છે, હીટવેવ (લૂ) ની ઘટનાઓ વધી છે અને દેશની ખેતી તેમજ પાણીના સ્ત્રોતો પર ભારે દબાણ ઊભું થયું છે.

## કેન્દ્રીય કૃષિ મંત્રીએ રાજ્યોને સજ્જ રહેવા કહ્યું

ચોમાસાની આ ચિંતાજનક આગાહીને ધ્યાનમાં લેતા, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે શુક્રવારે તમામ રાજ્ય સરકારોને ઓછા વરસાદ અથવા અલ નીનો જેવી પડકારજનક હવામાન પરિસ્થિતિઓનો સામનો કરવા માટે સજ્જ રહેવા જણાવ્યું છે. તેમણે ઉમેર્યું કે, કેન્દ્રીય કૃષિ મંત્રાલય કોઈપણ અણધારી પરિસ્થિતિને પહોંચી વળવા માટે ઈમરજન્સી પ્લાન (Contingency Plans) તૈયાર કરી રહ્યું છે. જૂન મહિનાથી શરૂ થતી આગામી ખરીફ (ચોમાસુ) સિઝન માટે દેશમાં બિયારણ અને ખાતરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાની પણ તેમણે ખાતરી આપી છે.







# દેશના 10 રાજ્યોમાં પ્રિ-મોન્સૂન આફત

**યુપીમાં** પુલ ધરાશાયી થતાં અને બિહારમાં વીજળી પડવાથી મોટી જાનહાનિ

**શાકંભરી** દેવી મંદિર 3 દિવસ માટે બંધ, પૂરના પાણીમાં વાહનો તણાયા

**પશ્ચિમ** બંગાળમાં ફ્લાઇટ્સ અને મેટ્રો સેવા ખોરવાઈ

**નવી દિલ્હી, તા. 29 :** દેશમાં નવતપાની આકરી ગરમી વચ્ચે હવામાનમાં પલટો આવ્યો છે. સેટેલાઈટ અને વાયુમંડળના ડેટાના આધારે યુરોપિયન સેન્ટર ફોર મીડિયમ-રેન્જ વેધર ફોરકાસ્ટ્સ (ECMWF) અને ભારતીય હવામાન વિભાગે આગામી દિવસોમાં કેરળ, તમિલનાડુ, દિલ્હી, પંજાબ, યુપી, બિહાર, રાજસ્થાન અને એમપીમાં ભારે વરસાદના સંકેત આપ્યા છે. સેન્ટ્રલ પાકિસ્તાનથી ઓડિશા સુધી વિસ્તરેલી સિસ્ટમ અને બંગાળની ખાડીના ભેજવાળા પવનોના કારણે દેશના અનેક ભાગોમાં 50 થી 100 કિમીની ઝડપે તોફાન અને કરા પડવાનો સિલસિલો શરૂ થયો છે.

**1. ઉત્તર પ્રદેશ: વાવાઝોડા અને પૂરમાં ભારે તબાહી: 8નાં મોત**

યુપીના લખનૌ, વારાણસી અને પ્રયાગરાજ સહિત 20 જિલ્લાઓમાં 100 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા તોફાની પવનોએ ભારે નુકસાન પહોંચાડ્યું છે.

વાવાઝોડાને કારણે એક નિર્માણાધીન પુલ ધરાશાયી થતાં 6 લોકોના મોત નીપજ્યા છે.

લખનૌમાં રેલવે સ્ટેશનનો ટીન શેડ પડવાથી બે લોકો ઘાયલ થયા છે. અહીં તાપમાન સામાન્યથી 7.1 ડિગ્રી ઘટીને 33 ડિગ્રી નોંધાયું હતું.

જાલૌનમાં વીજળી પડવા અને વાવાઝોડાથી 2 લોકોના મોત થયા છે, 7 ઘાયલ થયા છે, 23 પશુઓના મોત થયા છે અને 45 ઘરોને નુકસાન થયું છે.

**સહારનપુર અને શાકંભરી દેવી મંદિર બંધ:** શિવાલિક પર્વતમાળામાં ભારે વરસાદને કારણે અચાનક પૂર આવતા જોરદાર પ્રવાહમાં તણાઈ જવાથી 2 મહિલાઓના મોત થયા છે. પૂરના પાણીમાં જેસીબી મશીન, જનરેટર, ક્રેન્સ અને એક ડઝનથી વધુ વાહનો તણાઈ ગયા હતા. આ દુર્ઘટનાને પગલે પ્રખ્યાત સિદ્ધપીઠ શાકંભરી દેવી મંદિર આગામી 3 દિવસ (29 મે થી 31 મે) માટે ભક્તો માટે બંધ કરી દેવાયું છે.

**બિહાર: 20 જિલ્લામાં દિવસે અંધારું અને વીજળી પડતા 7 મોત**

બિહારના પટના, ખગડિયા, રોહતાસ, ઔરંગાબાદ, કૈમૂર અને છપરા સહિત 20 જિલ્લાઓમાં શુક્રવારે સવારે કાળાડિબાંગ વાદળોના કારણે દિવસે અંધારું છવાઈ ગયું હતું અને વાહનચાલકોને હેડલાઇટ ચાલુ રાખવી પડી હતી. રાજ્યમાં પ્રચંડ તોફાન સાથે ત્રાટકેલી વીજળીના કારણે 7 લોકોએ જીવ ગુમાવ્યા છે. આગામી 3 દિવસ બિહારમાં આવું જ હવામાન રહેશે.

**3. પશ્ચિમ બંગાળ: કોલકાતામાં જનજીવન અસ્તવ્યસ્ત, વિમાન અને મેટ્રો સેવા ઠપ્પ**

કોલકાતા અને દક્ષિણ બંગાળના અનેક જિલ્લાઓમાં 50 થી 60 કિમીની ઝડપે ફૂંકાયેલા પવનો અને ભારે વરસાદે પાયમાલી સર્જી છે.

કોલકાતા એરપોર્ટના રનવે પર પાણી ભરાઈ જતાં એક કલાક સુધી ફ્લાઈટ્સ સ્થગિત કરાઈ હતી. સીઆલદહ રેલવે સેક્શનમાં પાટા અને ઓવરહેડ વાયરો પર વૃક્ષો પડતાં ટ્રેન વ્યવહાર ખોરવાયો હતો.

દક્ષિણ કોલકાતાના શાહિદ

...અનુસંધાન પાના 5 પર

# ઉત્તર પ્રદેશમાં વાવાઝોડામાં નિર્માણાધીન પુલ તૂટતાં 6નાં મોત

**કેટલાક** શ્રમિકો સ્લેબના ઉપરના ભાગમાં સૂઈ રહ્યા હતા તે સમયે આ અકસ્માત બન્યો

**મુખ્યમંત્રીએ** મૃતકોના પરિવારોને 5 લાખ અને ઈજાગ્રસ્તોને 50,000 રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી

**આસિસ્ટન્ટ** એન્જિનિયરને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યો



**હમીરપુર, તા. 29 (પીટીઆઈ):** ઉત્તર પ્રદેશના હમીરપુર જિલ્લામાં શુક્રવારે વહેલી સવારે એક મોટી દુર્ઘટના ઘટી છે. બેતવા નદી પર બની રહેલા એક નિર્માણાધીન પુલનો એક હિસ્સો ભારે વાવાઝોડાના કારણે તૂટી પડતાં 6 શ્રમિકોનાં મોત નીપજ્યા છે અને અન્ય 3 ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના વહેલી સવારે આશરે 3 વાગ્યે લાલપુરા પોલીસ સ્ટેશન વિસ્તારના પરસાની અને કનદૌર ગામ વચ્ચે બની હતી. પુલના નિર્માણ કાર્યમાં લાગેલા કેટલાક શ્રમિકો સ્લેબના ઉપરના ભાગમાં સૂતા હતા, તે સમયે અચાનક સ્લેબ ધરાશાયી થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ એસડીઆરએફની ટીમોએ ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી શરૂ કરી હતી. કાટમાળ નીચે ફસાયેલા 3 શ્રમિકોને બહાર કાઢીને હમીરપુરની જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

હમીરપુરના જિલ્લા મેજિસ્ટ્રેટ અભિષેક ગોયલે જણાવ્યું કે, આ પુલનું કામ એક ખાનગી કંપની દ્વારા છેલ્લા 2 વર્ષથી કરવામાં આવી રહ્યું હતું. હવામાન વિભાગ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગુરુવારે સાંજે જ ભારે પવન અને વાવાઝોડા અંગે ચેતવણી જાહેર કરવામાં આવી હતી, તેમજ ગામડાઓમાં લાઉડસ્પીકર દ્વારા જાહેરાતો પણ કરવામાં આવી હતી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ ઘટના અંગે ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે મૃતકોના પરિવારોને 5 લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને 50,000 રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે. પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. સ્થાનિક ધારાસભ્યએ આ મામલે તપાસ કરીને દોષિતો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

આ બ્રિજ હોનારત મામલે ઉત્તર પ્રદેશ સ્ટેટ બ્રિજ કોર્પોરેશન લિમિટેડના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે, ફરજમાં ગંભીર બેદરકારી દાખવવાના આરોપસર એક આસિસ્ટન્ટ એન્જિનિયરને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જાણવા મળ્યું હતું કે અસહ્ય ગરમીના કારણે રાત્રિના સમયે પુલ નિર્માણનું કામ કરવામાં આવી રહ્યું હતું.

## NTAએ UPSC જેવી સંસ્થાઓ પાસેથી શીખવાની જરૂર: સુપ્રીમ કોર્ટ

# નીટ પેપર લીક: સુપ્રીમે એનટીએને ઝાટકી

**સુપ્રીમ** કોર્ટે જવાબદારી નક્કી કરવા પર મૂક્યો ભાર, સરકારે કહ્યું- પીએમ મોદી પોતે કરી રહ્યા છે દેખરેખ

**જ્યાં** સુધી તમે ફરજ બજાવનાર વ્યક્તિને ઓળખી ન શકો, ત્યાં સુધી માત્ર સમિતિઓની બેઠકો યોજવાનો કોઈ અર્થ નથી

**નવી દિલ્હી, તા. 29 :** મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET-UG 2026 ના પેપર લીકના ગંભીર આક્ષેપો બાદ પરીક્ષા રદ કરવા અને એજન્સી બદલવાની અરજીઓ પર શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં મહત્વની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની આકરી ઝાટકણી કાઢી હતી, જ્યારે કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને ખાતરી આપી હતી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે આ સમગ્ર પરિસ્થિતિ પર વ્યક્તિગત રીતે દેખરેખ રાખી રહ્યા છે જેથી કોઈ ખામી ન રહી જાય.

જસ્ટિસ પી. એસ. નરસિમ્હા અને જસ્ટિસ આલોક અરાધેની બેન્ચે સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે, જ્યાં સુધી આ મામલે વાસ્તવિક જવાબદારી નક્કી કરવામાં નહીં આવે ત્યાં સુધી પેપર લીકની સમસ્યાઓ અટકશે નહીં. કોર્ટે ટિપ્પણી કરી: "જવાબદારી ત્યારે જ અસરકારક બને જ્યારે આપણને ખબર હોય કે કયા ચોક્કસ અધિકારીના ખભા પર આ જવાબદારી હતી. જ્યાં સુધી તમે ફરજ બજાવનાર વ્યક્તિને ઓળખી ન શકો, ત્યાં સુધી માત્ર સમિતિઓની બેઠકો યોજવાનો કોઈ અર્થ નથી."

સુપ્રીમ કોર્ટે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)નું ઉદાહરણ આપતાં જણાવ્યું કે દેશમાં UPSC જેવી વિશ્વસ્તરીય સંસ્થાઓ છે, જે પ્રિલિમ્સ સહિતની મોટી પરીક્ષાઓનું સફળ આયોજન કરે છે અને ત્યાં ક્યારેય પેપર લીક જેવી સ્થિતિ સર્જાતી નથી. NTA એ આવી સંસ્થાઓ પાસેથી પાઠ શીખવો જોઈએ. અદાલતે ઉમેર્યું કે આપણી સંસ્થાઓમાં કામચલાઉ વ્યવસ્થાની મોટી સમસ્યા છે, જેના કારણે સિસ્ટમ કોઈ એક સારા અધિકારી પર નિર્ભર થઈ જાય છે. સંસ્થા પાસે પોતાની ક્ષમતા અને 'સંસ્થાકીય મેમરી' હોવી જોઈએ, ભલે અધિકારીઓ બદલાતા રહે.

કોર્ટે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે વર્ષો સુધી મહેનત કરનારા લાખો યુવા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો માટે આ પ્રકારની ઘટનાઓ અત્યંત આઘાતજનક હોય છે. તેઓ આમાં પોતાના સમય અને લાગણીઓનું મોટું રોકાણ કરે છે, તેથી આપણે દેશના યુવાનોને નિરાશ ન કરવા જોઈએ.

**ઇસરોના પૂર્વ અધ્યક્ષ અને હાઇ-પાવર કમિટીની પૂછપરછ**

કોર્ટે સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટ દ્વારા ગઠિત હાઈ-પાવર કમિટીના વડા અને ઈસરો ના પૂર્વ અધ્યક્ષ ડૉ. કે. રાધાકૃષ્ણન સાથે સીધો સંવાદ સાધ્યો હતો. કોર્ટે સવાલ કર્યો કે, "તમારી સમિતિની દેખરેખ અને ભલામણો છતાં આ નિષ્ફળતા (પેપર લીક) કેવી રીતે થઈ?"

**ડો. રાધાકૃષ્ણનને કોર્ટને નીચે મુજબની વિગતો આપી હતી:**

સમિતિએ વર્ષ 2025 અને 2026 ની પરીક્ષાઓ માટે 60 અને લાંબા ગાળાના સુધારા માટે 35 ભલામણો કરી હતી, જેમાંથી મોટાભાગની અમલમાં મુકાઈ ગઈ છે.

વર્ષ 2025 માં માત્ર થોડા કેન્દ્રો પર પાવર કટ સિવાય પરીક્ષા લગભગ સંતોષકારક રહી હતી.

NTA પર તેની ક્ષમતા કરતાં વધુ પરીક્ષાઓનું ભારણ વધી ગયું હતું, જેને મજબૂત કરવાના પગલાં લેવાયા છે. ૨૪ મેના રોજ દિલ્હીથી કેન્દ્રો સુધી

...અનુસંધાન પાના 5 પર

# RBI લાવશે પ્લાસ્ટિક નોટો: 10-20થી શરૂ થશે ટ્રાયલ

**વધતા** ખર્ચ અને નકલી નોટો રોકવા આરબીઆઈનો એક્શન પ્લાન; ટૂંક સમયમાં પાયલોટ પ્રોજેક્ટની જાહેરાત શક્ય

**નવી દિલ્હી, તા. 29:** રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દેશમાં કાગળની નોટો છાપવાનો ખર્ચ સતત વધવાને કારણે અને દર વર્ષે અબજો ખરાબ નોટો ચલણમાંથી બહાર ખેંચાતી હોવાથી, હવે 'પોલિમર (પ્લાસ્ટિક) બેંકનોટો' ચલણમાં લાવવા પર વિચાર કરી રહી છે. આ સાથે જ RBIએ આશરે એક દાયકા પહેલા રજૂ કરાયેલા પ્રસ્તાવને ફરી જીવંત કર્યો છે. અહેવાલો અનુસાર, પટના અને મુંબઈમાં યોજાયેલી RBI ની છેલ્લી બે બોર્ડ બેઠકોમાં આ અંગે ચર્ચા થઈ છે અને સેન્ટ્રલ બેંક ટૂંક સમયમાં જ આ માટે એક પાયલોટ પ્રોજેક્ટની જાહેરાત કરી શકે છે. રોજિંદા વપરાશમાં ઝડપથી ફાટી જતી 10 અને 20 ની નાની નોટો પર સૌપ્રથમ આનું પરીક્ષણ કરવામાં આવે તેવી શક્યતા છે.

પોલિમર નોટો એ પરંપરાગત કપાસ આધારિત કાગળના બદલે પાતળા, લવચીક પ્લાસ્ટિક મટીરિયલ પર છાપવામાં આવતું ચલણ છે. 'પ્લાસ્ટિક' નામ હોવા છતાં, તે ક્રેડિટ કે ડેબિટ કાર્ડ જેવી કડક હોતી નથી, પરંતુ કાગળની નોટોની જેમ જ હલકી અને વાળી શકાય તેવી હોય છે. આ નોટોનો મુખ્ય ફાયદો તેની ટકાઉપણું છે, કારણ કે તે કાગળની સરખામણીમાં ધૂળ, ભેજ અને ફાટવા સામે વધુ પ્રતિરોધક હોય છે. આ ઉપરાંત, તેમાં સી-થ્રુ વિન્ડો (પારદર્શક બારી) અને માઇક્રો-ઓપ્ટિક હોલોગ્રામ જેવી અદ્યતન સુરક્ષા સુવિધાઓ ઉમેરી શકાતી

...અનુસંધાન પાના 5 પર

તા. ૨૯-૦૫-૨૦૨૬નું સુરત શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૮° સે. | ૨૬.૦° સે. | ૪૬% |

# સરકારી ઓઇલ કંપનીઓને 30 દિવસનો LPG સ્ટોક રાખવા આદેશ

**પશ્ચિમ** એશિયા સંકટ વચ્ચે કેન્દ્રનો મોટો નિર્ણય

**પુરવઠો** ખોરવાતાં સરકારે ઓઇલ કંપનીઓને વ્યૂહાત્મક અનામત વધારવા કહ્યું; પેટ્રોલ-ડીઝલના વેચાણમાં અસામાન્ય ઉછાળો

**નવી દિલ્હી, તા. 29 :** પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષના કારણે વૈશ્વિક ઉર્જા પુરવઠા પર મોટી અસર પડી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે એક મોટો વ્યૂહાત્મક નિર્ણય લીધો છે. સરકારે દેશની સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓને લિક્વિડ પેટ્રોલિયમ ગેસ (LPG)નો સ્ટોક વધારીને ઓછામાં ઓછા 30 દિવસની માંગ પૂરી કરી શકાય તેટલો 'સ્ટ્રેટેજિક રિઝર્વ' (વ્યૂહાત્મક અનામત સ્ટોક) રાખવાનો આદેશ આપ્યો છે.

પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ શુક્રવારે પત્રકારોને જણાવ્યું કે, દેશની મુખ્ય સરકારી કંપનીઓ–ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન , ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમને તેમની નિયમિત કોમર્શિયલ ઈન્વેન્ટરી ઉપરાંત આ વધારાનો સ્ટોક ઊભો કરવા માટે પ્લાન તૈયાર કરવા કહેવામાં આવ્યું છે.

**ઈંધણનો પૂરતો સ્ટોક, પણ પેટ્રોપંપો પર અસામાન્ય વેચાણ**

મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે દેશમાં પેટ્રોલ, ડીઝલ, એલપીજી અને ક્રૂડ ઓઈલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. રિફાઈનરીઓ સંપૂર્ણ ક્ષમતા સાથે કામ કરી રહી છે અને દેશમાં એલપીજીનું ઉત્પાદન અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે એટલે કે રોજનું આશરે 52,000 ટન થઈ રહ્યું છે. કોઈપણ એલપીજી એજન્સી પર સ્ટોક ખાલી થયો નથી.

પરંતુ, દેશના ઘણા પેટ્રોલ પંપો પર ઈંધણનું અસામાન્ય વેચાણ જોવા મળી રહ્યું છે, જેના મુખ્ય કારણો

...અનુસંધાન પાના 5 પર

